આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ

અમદાવાદ, તા.૭

જેની ઉત્સુકતાપૂર્વક પતંગબાજો રાહ જોઈ રહ્યા હતા તે આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવની આજે પરંપરાગતરીતે શરૂઆત થઈ હતી. આ વખતે સાતમી જાન્યુઆરીના દિવસે આની શરૂઆત થયા બાદ ૧૪મી જાન્યુઆરી સુધી ચાલશે. ૧૪મી જાન્યુઆરી સુધી ચાલનાર આ પતંગ ઉત્સવમાં જુદા જુદા દેશોના પતંગબાજો પણ ભાગ લઈ રહ્યા છે. રાજ્યપાલની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પતંગ ઉત્સવની રંગારંગ કાર્યક્રમ વચ્ચે શરૂઆત કરાવી હતી. ૪૩ દેશોના ૧૫૪ પતંગબાજો આમા ભાગ લઈ રહ્યા છે. ૧૮ રાજ્યોના ૧૧૫ પતંગબાજ પણ આમા ભાગ લઈ રહ્યા છે. પતંગ ઉત્સવની સાથે સાથે રિવરફ્રન્ટમાં ફુડ કોર્ટ, થીમ પેવેલિયનનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત આ પતંગ ઉત્સવના ભાગરુપે યોગા કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પતંગ ઉત્સવમાં ગુજરાતના ૪૦૦ પતંગબાજો પણ ભાગ લઈ રહ્યા છે. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૩૦માં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવની શરૂઆત થઈ હતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ઉત્તરાયણ ગુજરાતની ઓળખ બની ચુકી છે. પર્વ અને ઉત્સવોની ઉજવણીથી ગુજરાતને ધબકતુ રાખવાનો વિચાર વર્તમાન વડાપ્રધાન મોદીની દીર્ઘદ્રષ્ટિનો પરિપાક છે. રૂપાણીએ પતંગ ઉત્સવને લઈને નિર્દોષ પંખિયોને કોઈ હાની ન પહોંચે તે માટે પણ અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ મકરસંક્રાંતિથી ઉત્તર તરફનું સૂર્ય પ્રયાણ સૂર્યની ઉર્ધ્વગતિ ગુજરાત અને સૌ ગુજરાતીઓ માટે સૌનો સાથ સૌનો વિકાસ અવસર બને તેવી શુભેચ્છા પાઠવી હતી. ૧૮ રાજ્યોના ૧૧પથી વધુ પતંગબાજો ભાગ લઈ રહ્યા છે.

ગુજરાતના ૪૦૦ પતંગબાજો જોડાયા છે. પતંગ ઉત્સવથી ૨.૮૨ લાખ લોકોને રોજગારી મળી રહી છે. રૂપિયા ૫૭૨ કરોડથી પણ વધુનું ટર્નઓવર આ પતંગ ઉત્સવથી થવા જઈ રહ્યું છે. પતંગ ઉત્સવના અવસરે તમામ વરિષ્ઠ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષની જેમજ આ વખતે પણ આનું આયોજન કરવામાં આવ્યું છે. પતંગ ઉત્સવના એક દિવસ પહેલા અમદાવાદના મેયર બીજલબેન પટેલે રિવરફ્રન્ટ ઉપર પહોંચીને જુદી જુદી તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ વખતે રિવરફ્રન્ટ ફુટકોર્ટની સાથે સાથે થીમ પેવેલિયન, ક્રાફ્ટ બજારનું આયોજન કરાયું છે. પતંગ ઉત્સવમાં વિદેશી પતંગબાજો મુખ્યરીતે આકર્ષણ જમાવી રહ્યા છે. જુદા જુદા આકારની રંગબેરંગી પતંગો તમામનું આકર્ષણનું કેન્દ્ર છે. મોટી સંખ્યામાં શહેરીજનો પતંગ ઉત્સવની મજા માણવા માટે પહોંચે તેવી શક્યતા છે. પતંગ ઉત્સવ દર વર્ષે ભારે રોમાંચ ચાહકોમાં જગાવે છે.

અમદાવાદમાં એબીવીપી-એનએસયુઆઈ વચ્ચે દંગલ

અમદાવાદ, તા.૭

જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી(જેએનયુ)માં કેટલાક બુકાનીધારી યુવકો દ્વારા એકાએક વિદ્યાર્થીઓ પર હુમલો કરાતા દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે ત્યારે આ ઘટનાના પ્રત્યાઘાતરૂપે અમદાવાદમાં પણ જેએનયુવાળી થઈ હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા. આજે સવારે અમદાવાદમાં એબીવીપી અને એનએસયુઆઈના કાર્યકરો વિરોધ પ્રદર્શન દરમ્યાન એક તબક્કે આમને-સામને આવી ગયા હતા અને લાકડી-ધોકા વડે સામ-સામે મારામારીના બહુ વરવા દ્રશ્યો સર્જાયા હતા. જેમાં એનએસયુઆઈના રાષ્ટ્રીય મહામંત્રી નિખિલ સવાણી લોહી લુહાણ થયા હતા. બીજીતરફ સ્થિતિને કાબૂમાં લેવાના નામે પોલીસે પણ એનએસયુઆઈના જ કાર્યકરોને ટાર્ગેટ કરીને માર્યા હોવાના આક્ષેપો ઉઠયા છે, જેને લઈ સમગ્ર રાજકારણ ગરમાયું છે. પ્રાથમિક અહેવાલો અનુસાર એનએસયુઆઈના રાષ્ટ્રીય મહામંત્રી નિખિલ સવાણી સહિત તેમના પાંચ કાર્યકરોને ઘાયલ અવસ્થામાં હોસ્પિટલ લઈ જવાયા હતા. તો, ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ પણ સમગ્ર ઘટના અંગે તપાસના આદેશ આપ્યા છે અને શહેર પોલીસ કમિશનર પાસે રિપોર્ટ પણ માગ્યો છે. આ હુમલામાં ઘાયલોના તાત્કાલિક નિવેદન લેવા માટે સૂચના આપી છે. આ મામલે એબીવીપીના પ્રવક્તા સમર્થ ભટ્ટે પ્રેસ કોન્ફરન્સ કરી એનએસયુઆઈ પર આક્ષેપો કરતા જણાવ્યું કે, એનએસયુઆઈ

અને કોંગ્રેસના ગ્રુપમાં એબીવીપી કાર્યાલય પાલડી ખાતે ભેગા થવાના મેસેજો ફરતા કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ પ્રદેશ કાર્યાલય પર જ કાવતરું ઘડવામાં આવ્યું. તેઓ કોંગ્રેસના કાર્યાલય પરથી અહીં આવ્યા હતા. આ હુમલામાં એબીવીપીના આનંદ અને ભૌતિક પટેલ ઈજાગ્રસ્ત થયા છે. વ્હીકલને આગ લગાડવાનો પ્રયત્ન કર્યો હતો. એનએસયુઆઈના કાર્યકરો લાકડી અને પથ્થર લઈને યોજનાપૂર્વક આવ્યા હતા. આ ઘર્ષણ શાહનવાઝ શેખ,સુભાન સૈયદ, નારણ ભરવાડ વગેરેની આગેવાનીમાં થયું હતું અમે મારવા ગયા નથી. આ ગાંધીનો સમય નથી. એનએસયુઆઈની સાથે સાથે એબીવીપીના કાર્યકરોએ મીડિયાકર્મીઓ સાથે પણ બોલાચાલી કરી હતી. માત્ર એટલું જ નહીં, એબીવીપીએ મીડિયાને કાર્યાલયથી દૂર રાખ્યું હતું. એક કલાક પછી મીડિયાને અંદર આવી જોવા બોલાવી કહ્યું અમારી પાસે કોઈ લાકડી ધોકા નથી. જેએનયુમાં બુકાનીધારીઓના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો પર હુમલાના વિરોધમાં આજે સવારે એનએસયુઆઈના કાર્યકરો પાલડી સ્થિત એબીવીપીના કાર્યાલય પાસેથી ઝંડા લઈને વિરોધ પ્રદર્શન કરવાના હતા. સવારે એનએસયુઆઈના કાર્યકરો પાલડી પહોંચ્યા ત્યાં સુધી તો સ્થિતિ સામાન્ય હતી પરંતુ એકાએક ઉહાપોહ મચી ગયો હતો અને વિરોધ પ્રદર્શન સમરાંગણમાં ફેલાઈ ગયું હતું. પાઈપો, લાકડીઓ અને ધોકાઓ લઈને દોડી આવેલા યુવાનોએ એનએસયુઆઈના કાર્યકરોને નિશાન બનાવવાનું શરૂ કર્યું હતું અને લાગ જોઈને ચોતરફથી ઘેરીને બરાબરના ફટકાર્યા હતા.

જુના ડીસામાં શ્વાનોને ૩૦૦ કિલો બુંદીના લાડુનું જમણ

મકરસંક્રાંતિના પર્વમાં પતંગની સાથે સાથે દાન -પુણ્યનો વિશેષ મહિમા ગવાયો છે તેમાં પણ અબોલ જીવોની સેવાથી પુણ્યનું ભાથું બંધાય છે તેથી મકરસંક્રાંતિ પર્વ નજીક આવતા જ સેવાભાવી લોકો જીવદયાના સતકાર્યમાં જોતરાઈ જાય છે ડીસા તાલુકાના જુનાડીસા ગામના સેવાભાવી યુવાનો દ્વારા પણ ગામના હનુમાનજી કુટિયા ખાતે અબોલ અને વફાદાર ગણાતા શ્વાનો માટે ૩૦૦ કિલો બુંદીના લાડું બનાવવામાં આવ્યા હતા જે લાડુ મહોલ્લે મહોલ્લે શ્વાનોને પીરસવામાં આવ્યા હતા કડકડતી ઠંડીમાં પાકું ભોજન મળતા ખુશખુશાલ શ્વાનોએ મૂંગા આશીર્વાદ આપ્યા હતા ગામલોકોએ યુવાનોની સેવાભાવનાને મુક્ત કંઠે બિરદાવી હતી.

જગાણા પાસે અકસ્માતમાં ઘાયલ નીલગાયને સારવાર અપાઈ

પાલનપુર,

પાલનપુર તાલુકાના જગાણા ગામ પાસે રાત્રીના સમયે રોડ ઓળંગતી નીલ ગાયને ટ્રક ચાલક ટક્કર મારીને ભાગી ગયો હતો. ત્યારે ઘાયલ નીલગાયને વધુ સારવાર અર્થે બાલારામ ખસેડાઈ હતી.

જગાણા પાસે અજાણ્યા ટ્રક ચાલકે ટક્કર મારતા નીલગાયના આગળના બન્ને પગમાં ફ્રેક્ચર થવાને કારણે તે ઉભી થઈ શકતી ન હતી. જયા 'પેટ'ની ટીમ દ્વારા નીલગાયને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. બાદ માં વનવિભાગની ટીમને જાણ કરતા વન વિભાગની ટીમ દ્વારા નીલગાય ને વધુ સારવાર અર્થે બાલારામ ખાતે આવેલી પશુ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

વડગામના મેમદપુર ગામમાં દેવી પુજકોએ દારૂને તિલાંજલિ આપી

ગુનો કરનારને એક લાખ દંડ અને કુટુંબમાથી બહાર મૂકવાનું નક્કી કરાયું

વડગામ,

વડગામ તાલુકાના મેમદપુર ગામમાં વસતા દેવી પીજકો મંગળવારે મહોલ્લા એકઠા થયા હતા. અને ગામના સરપંચ, તાલુકા પંચાયતના સદસ્ય અને કેટલાક અગ્રણીઓને બોલાવી દારૂ બનાવવાનું બંધ કરવું અને દારૂને તિલાંજલિ આપી હતી. દારૂને તિલાંજલિ માટે દેવું પૂજકના લોકોએ લેખિતમાં લખાણ કરી સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું કે અમારા પરિવારમાથી જે દારૂનું વ્યસન કરે કે પરિવાર બનાવે તો તેમને એક લાખ રૂપિયાનો દંડ કરવામાં આવશે અને તેમને મહોલ્લામાંથી બહાર મૂકવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આં દારૂબંધી માટે દેવી પૂજક ગામના સરપંચ વશરામ ભાઈ ભાટીયા, તાલુકા પંચાયતના સદસ્ય રાજેન્દ્રસિંહ રાજપૂત, દેવી

પૂજકમાંથી સુરેશ ભાઈ મફાજી દેવીપૂજક, ધ્રમાભાઈ દેવીપૂજક, સંપતભાઈ દેવીપૂજક, હીરાભાઈ દેવીપૂજક, તિનાભાઇ દેવીપૂજક સહિત ગામના અગ્રણીઓ અને દેવીપૂજક ના મહોલ્લામાથી ૨૦૦ જેટલા લોકો ઉપસ્થિત રહ્યા હતા અને લેખિતમાં લખાણ કરી દારૂને સમગ્ર દેવીપૂજક સમાજે તિલાંજલિ આપી હતી.

બોર્ડ લગાવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરીને અનુલક્ષી પ્રાથમિક તબક્કામાં સર્કલ દુર કરીને યુટીલીટીઝ લાઈન દુર કરવાનુ કામ પુર્ણ થઈ ગયા બાદ હવે ટુંકમાં જ આગળના તબક્કાની કામગીરી પણ શરૂ કરી દેવાશે. જયારે અન્ડપાસના પ્રોજેકટને અનુલક્ષીને ઘ- ૪ વિસ્તારમાં ટ્રાફિક પણ ડાયવર્ટ કરી દેવાયો છે. હાલ સે-૧૬ તરફ જવાના માર્ગ પર સર્વિસ રોડને જોડતો એક રસ્તો ખુલ્લો કરી દેવાયો છે. જેના લીધે ટ્રાફિક સિનારીયો બદલાયો છે. જયારે ટુંકમાં જ ટ્રાફિક ડાયવર્ઝન માટેના જાહેરનામાનો પણ અમલ કરવામાં આવશે. આ માટે તંત્રના અધિકારીઓ અને ટ્રાફિક પોલીસ પી આઈએ પણ સ્થળ પર નિરિક્ષણ કરી ટ્રાફિકની અવરજવર સરળ અને સલામત બનાવવા માટે ડાયવર્ઝનની કામગીરી પણ હાથ ધરશે. હાલ આ વિસ્તારમાં ડાયવર્ઝન માટે તૈયાર થયેલા રસ્તાનો ઉપયોગ શરૂ કરી દેવાયો છે. જયારે આ ડાયવર્ઝનને અનુલક્ષી કોર્પોરેશન દ્વારા વિવિધ ૫૦ જેટલા ઠેકાણે બોર્ડસ મુકવાનો પણ નિર્ણય લેવાયો છે. ડાયવર્ઝનના રસ્તા તેમજ ટ્રાફિકને યોગ્ય દીશા મળી રહે તે માટે સે-૧૬, ૧૭ સે-૧૧,૧૨, પથિકાશ્રમ તેમજ ચા માર્ગ પર વિવિધ ઠેકાણે જરૂરી માર્ગદર્શક બોર્ડસ પણ લગાવી દેવાશે ટ્રાફિકની દ્રષ્ટીએ અડચણરૂપ ન થાય તે મુજબ આ પ્રકારના બોર્ડસ મુકવામાં આવશે. અન્ડરપાસની કામગીરી આગળના તબક્કામાં આગળ વધી રહી છે ત્યારે ટુંકમાં જ ડાયવર્ઝનને અનુલક્ષી આ વિસ્તારમાં ટ્રાફિકની ગતિવિધિઓ પણ બદલાશે.

પવન સાનુકૂળ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વખતની ઉત્તરાયણે પણ વાદળો આવવાની શક્યતા છે. પવન ઉત્તર પૂર્વનો અને વાદળોનો જથ્થો પશ્ચિમક્ષેત્રે આવે તો ઉત્તર પશ્ચિમ થવાની શક્યતા રહે. પવન પતંગરસીયા માટે એકંદરે મધ્યમ રહે. એટલે ઝાડપાન ડાળા હાલી શકે તેટલો રહે. તા. ૧૪ અને ૧૫ ઉત્તરાયણનો પવન સારો રહેશે. ઉપરાંત તા. ૯, ૧૦ અને ૧૧માં સખત ઠંડી પડવાની શક્યતા છે.

અમદાવાદનું ન્યુનતમ તાપમાન ૧૦ ડીગ્રી સેલ્સીયસથી નીચુ જવાની શક્યતા રહેશે. ઉત્તર ગુજરાતના ભાગોમાં પણ શખત ઠંડી પડે. ઉત્તરીય પર્વતીય ભાગો પંજાબ, હરીયાણા, રાજસ્થાનના ભાગોમાં રેકર્ડતોડ ઠંડી પડવાની શક્યતા રહે. ઉત્તરાયણનું મહત્વ સૂર્યપૂજાનું પણ છે. શિયાળામાં સુતેલી સંક્રાંતિ સારી જણાય છે. મકરસંક્રાંતિના દાન અંગે જોતાં નવા વાસણો, ગાયનો ચારો, અનાજ, તલ, ગોળ વગેરેનું દાન કરી શકાય છે. સંક્રાંતિનું કર્તવ્ય જોઈએ તો તેલ મિશ્રિત જળથી સ્થાન કરવું, અભિયન કરવુ, તલ ખાવા, તલના જુદા જુદા છ પ્રકારે ઉપયોગ કરવો, તલનું દાન કરવુ સારૂ, ભગવાન શિવની પૂજા કરવી સારી, સૂર્યદેવને દૂધનો અભિષેક કરવો.

આંતરિક માર્ગો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગત વર્ષ દરમિયાન સે૨૧ અને ૨૨ માં પણ રસ્તાઓનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે સે-૨૫ અને સે-૨૬ ને અનુલક્ષીને પણ ટુંકમાં જ આંતરિક માર્ગોના રીસરફેસીંગની કાર્યયોજના હાથ ધરવામાં આવશે. જો કે આ કામગીરી સંદર્ભે કોર્પોરેશન કક્ષાએથી આયોજન કરવામાં આવશે . શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી લાંબા સમયથી હાથ ધરવામાં આવી નથી બાકી અને મંજુર કામો પણ અટવાયા છે. જયારે જે કામો આગામી દિવસોમાં હાથ ધરવા અનિવાર્ય હોય તેવા રસ્તાના નવા કામોના આયોજનનુ પણ ઠેકાણુ પડતુ નથી.

ફાંસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા બાદ તેઓ સુપ્રીમ કોર્ટમાં ક્યુરેટિવ પિટિશન દાખલ કરનાર છે. કોર્ટના ચુકાદા પહેલા આજે દોષિત અક્ષય દ્વારા જજ સાથે વાત કરવાની મંજુરી માંગી હતી. ત્યારબાદ જજે મિડિયાને કોર્ટની બહાર જવા માટે કહ્યુ હતુ. દોષિતે કહ્યુ હતુ કે તે જજને એકલામાં કંઈ કહેવા માંગે છે. અક્ષય દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે તેના દ્વારા ક્યારેય કાનુની પ્રક્રિયામાં વિલંબ કરવાના પ્રયાસ કર્યા નથી. માત્ર પોતાની કાયદાકીય પ્રક્રિયાને પાળી છે. આ પહેલા બપોરે ૩-૩૦ વાગે જજ વિડિયો કોન્ફરન્સ રૂમમાં પહોંચી ગયા હતા. ત્યારબાદ વકીલ પણ રૂમમાં પહોંચી ગયા હતા. ઈન્ટરનેટ કનેક્શનમાં વિલંબ થવાના કારણે સુનાવણીમાં વિલંબ થયો હતો. આ પહેલા સુનાવણી દરમિયાન દોષિતના વકીલ અને નિર્ભયાના માતાના વકીલ વચ્ચે આક્ષેપબાજીનો દોર ચાલ્યો હતો. નિર્ભયાની માતાના વકીલે કોર્ટમાં કહ્યું હતું કે, દોષિત સમય મેળવવાના પ્રયાસ કરી રહ્યા છે. આના ઉપર દોષિતોના વકીલે કહ્યું હતું કે, તેમના અસીલ ક્યુરેટિવ અરજી દાખલ કરવા ઈચ્છુક છે. પટિયાલા હાઉસ કોર્ટમાં દોષિતોના વકીલે દલીલ કરી હતી કે, તેઓ પોતાના અસીલોને મળી શક્યા નથી. નિર્ભયાના પરિવારના સભ્યોએ કહ્યું હતું કે, ચારેય દોષિતોની સામે ડેથ વોરટ જારી થાય તે જરૂરી છે.

બંધનું એલાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકાર આંદોલન ૮ અને ૯ જાન્યુઆરીએ 'ગ્રામીણ હડતાલ', રેલ રોકો અને રોડ રોકો દ્વારા ચક્કા જામ કરે તેમ છે. આ પગલું મોદી સરકારની ગ્રામીણ તકલીફોને દૂર કરવામાં કહેવાતી નિષ્ફળતાની વિરુદ્ધ છે. ૧૦ સીટીયુ (સેન્ટ્રલ ટ્રેડ યુનિયન) દ્વારા જારી કરેલા સંયુક્ત નિવેદન અનુસાર, એવી ધારણા છે કે આ હડતાલમાં અંદાજે ૨૫ કરોડ કામદારો લોકો ભાગ લેશે. સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી 'મજૂર વિરોધી-લોકો વિરોધી અને રાષ્ટ્રવિરોધી નીતિઓ'ને વિરુદ્ધ હડતાલનું પાલન કરવામાં આવશે. આ ઉપરાંત, સંયુક્ત નિવેદનમાં એવું પણ ઉલ્લેખ કરાયો હતો કે શ્રમ મંત્રાલયે તેમની માંગણીઓ અંગે કામદારોને ખાતરી આપવા માટે કંઈ જ કર્યું નથી.

બુધવારે દેશભરમાં બેંકિંગ કામગીરી પ્રભાવિત થવાની સંભાવના છે કારણ કે અનેક જાહેર ક્ષેત્રની બેંકો (પીએસબી) ના કર્મચારીઓ ૮ મી જાન્યુઆરીએ અખિલ ભારતીય સામાન્ય હડતાલ અથવા 'ભારત બંધ'માં જોડાય તેવી શક્યતા છે. અનેક બેંક શાખાઓ અને એટીએમ સેવાઓને અસર થઈ શકે તેમ છે. યુનિયનોએ જેએનયુ કેમ્પસમાં થયેલી હિંસા અને દેશભરના ઘણા યુનિવર્સિટી કેમ્પસમાં આવી અનેક ઘટનાઓની નિંદા પણ કરી છે. કોલેજ કેમ્પસમાં થયેલી હિંસાની નિંદા કરવા ઉપરાંત, તેઓએ જુલાઈ ૨૦૧૫ થી કોઈ પણ ભારતીય મજૂર પરિષદનું આયોજન કરવામાં ન આવતાં, મજૂર કાયદાઓને આલેખિત કરવા અને તેમનું ખાનગીકરણ રોકવાની માંગણી કરવામાં આવી છે.

ઈરાનીઓ જોડાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈરાકના અમેરિકાના ડ્રોન હુમલામાં તેમનું મોત થયું હતું. રિવોલ્યુશનરી ગાર્ડની વિદેશી શાખાના કમાન્ડરના ગૃહનગરમાં લાખોની સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. તહેરાન, કોમ, મશહદ, અહવાઝમાં પણ લોકો જાહેર માર્ગો ઉપર ઉમટી પડ્યા હતા. મોટી સંખ્યામાં લોકો સ્વતંત્રતા શોક ઉપર જમા થયા હતા જ્યાં રાષ્ટ્રીય ધ્વજમાં લપેટાયેલી બે કોફિન મુકવામાં આવી હતી. એક કોફિનમાં સુલેમાની અને બીજી કોફિનમાં સાથી બ્રિગેડિયર જનરલ હુસૈન પુર જાફરી રહ્યા હતા. શ્રદ્ધાંજલિ આપવા માટે મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા.

હુમલા બાદ ઈરાન અને અમેરિકા વચ્ચે તંગદિલી વધી ગઈ છે અને ઈરાન બદલો લેવા માટે તૈયાર છે. સુલેમાનીને બે વાગ્યાથી લઈને ચાર વાગ્યા વચ્ચે દફનવિધિ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ઈરાનના સર્વોચ્ચ લીડર અયાતુલ્લા અલી ખામનેઈ પણ દફનવિધિ વેળા રડી પડ્યા હતા. બીજી બાજુ સુલેમાનીની પુત્રી જેનબે કહ્યું છે કે, તેમના પિતાના મોતથી હવે અમેરિકા અને ઈઝરાયેલ માટે ખરાબ દિવસો શરૂ થશે.

સામરવાડા ગામે ગૌચરની જમીન ખોટા દસ્તાવેજથી પચાવી પાડી

ડે. સરપંચની બે વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ

ધાનેરા

ધાનેરા તાલુકાના સામરવાડા ગામે ગ્રામ પંચાયતના જુના સર્વે નંબર ૨૨૭ પૈકી એકની જમીન ગૌચરની છે તેની બાજુના સર્વે નંબર ૨૨૬ પૈકી બેના મૂળ માલિક ખત્રી શંકરલાલ મૂળચંદ (રહે.ડીસા) એ આ જમીન તારીખ ૧૦/૧૦/૨૦૦૫ ના રોજ વેચાણ દસ્તાવેજથી ધાનેરાના મહેશ્વરી બિહારીલાલ બાંકીદાસને આપેલ જે જમીનમાં હાલમાં રાયડા ઓઈલ મિલ ચાલે છે તે જમીનની ઉત્તર બાજુએ સામરવાડા ગામના પટેલ વોહતાભાઈ ભગવાનભાઈએ ગૌચરની જમીનમાં ખોટી માલિકી બતાવી ગ્રામ પંચાયતની પણ ખોટી આકારણી બનાવી તેના આધારે તારીખ ૧/૧/૨૦૧૨ ના વેચાણ દસ્તાવેજથી રૂપિયા દસ લાખમાં બારોબાર બાજુમાં જમીન ધરાવતા મહેશ્વરી બિહારીલાલ બાંકીદાસને પધરાવી દીધેલ જે જમીનની ગ્રામ પંચાયતમાં કોઈ નોંધ પડેલ નથી તેમ છતાંય બન્ને ગૌચરની જમીન હોવાનું જાણતા હોવા છતાં ખોટા દસ્તાવેજથી ગ્રામ પંચાયતની જાણ બહાર ખરીદ- વેચાણ કરી ગ્રામ પંચાયત સાથે છેતરપીંડી કરેલ હોવાની ગામના ડે.સરપંચ અમથુભાઈ તળસાભાઈ માજીરાણાએ બન્ને વિરુદ્ધ ધાનેરા પોલીસ મથકે પી.આઈ. એસ.એ.ડાભીની રૂબરૂમાં વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી જેથી પોલીસે ગૌચરની જમીન ઉપર બથામણીયો કબ્જો કરનાર સામે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જેને લઈ પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરમાં જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

પાલનપુર પૂર્વ પોલીસ મથકની ટીમ પ્રેટોલિંગમાં હતી. દરમિયાન બાતમીના આધારે વીરબાઈ ગેટ વિસ્તારમાં ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં આંક ફરકનો જુગાર રમાડતા મહંમદ ઈકબાલ મહંમદ હનીફ શેખને ઝડપી લીધો હતો. જેની પાસેથી મોબાઈલ તેમજ રોકડ રકમ મળી કુલ રૂપિયા ૩૮૯૦નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.